આસારામને ખાસ વિમાનની અરજી કોર્ટે નામંજૂર કરી !

આસારામને જરુરી કાર્યવાહી માટે ૨૪ ફેબ્રુઆરીએ ગાંધીનગર કોર્ટમાં રજૂ કરાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૦

આસારામને ચાર્ટડ પ્લેનમાં લાવવાની મંજૂરી આપવાની અરજી કોર્ટે નામંજૂર કરી છે. જયારે આ કેસના અન્ય આરોપીઓના બ્રેઈન મેપિંગ ટેસ્ટ માટે તપાસનીશ અધિકારીએ રજૂ કરેલી અરજી પણ કોર્ટે ખારીજ કરી છે. આસારામની જામીન અરજી અંગે આગામી તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩ વાગે સુનાવણી હાથ ધરાશે.

યુવતિના યૌન શોષણ કેસમાં ઝડપાયેલા આસારામને જામીન પર છોડાવવા તેમના વકીલ મારફતે ગાંધીનગર કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જયારે આ મામલે કોર્ટે આગામી તા. ૧૩ ફેબ્રુઆરીએ બપોરે ૩ વાગે સુનાવણી હાથ ધરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત આસારામની ઉંમર અને તબિયતને ધ્યાને લઈ તેમને જરૂર પડે ચાર્ટડ પ્લેનમાં લાવવાની મંજૂરી આપવા પણ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જો કે આ અરજી પણ કોર્ટે ગ્રાહ્ય રાખી નથી. જયારે આ કેસમાં આસારામ સિવાયના આરોપીઓ સાક્ષી ઉમા પાન્ડે તેમજ ટીનાના બ્રેઈન મેપિંગ ડીટેકશન માટે પણ તપાસનીશ અધિકારી દ્વારા ગાંધીનગર કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જયારે આ અરજી પણ ચીફ. મ્યુ. મે.જી. શ્રી પરીખે નામંજૂર કરવાનો આદેશ કર્યો છે. આ કેસ મામલે આશારામને જરુરી કાર્યવાહી માટે આગામી ૨૪ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી પણ શકયતા છે.

કોડનાનીને કમરમાં દુખાવો ઉપડતા હોસ્પિટલ ખસેડાયા

અમદાવાદ, તા.૧૦

નરોડાકાંડના આરોપી માયા કોડનાનીને બીમારીને સારવાર માટે મળેલા વચગાળાના જામીન આગામી ૧૪મી ફેબ્રુઆરીએ પુરા થવાના છે. પરંતુ તે પહેલા જ તેમને કમરનો દુખાવો અસહ્ય બનતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. એમ.એમ. પ્રભાકરે જણાવ્યું હતું કે, તેમને કમરનો દુખાવો હોવાથી સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જો કે, સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, માયા કોડનાની હાલમાં ડિપ્રેશનમાં આવી ગયા છે. હવે તેમને મોતનો ભય લાગી રહ્યો છે.

નોંધનીય છે કે, માયા કોડનાનીએ વચગાળાના જામીન પુરા થતાં હોવાથી હાઈકોર્ટમાં વચગાળાના જામીન લંબાવવા માટેની અરજી કરી હતી. જેને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. તેમજ હાઈકોર્ટે એવો નિર્દેશ કર્યો હતો કે, માયાબેનને વધુ જામીન આપી શકાય તેમ નથી. પરંતુ તેમને જરૂરી સારવાર પુરી પાડવી. જરૂર પડ્યે હોસ્પિટલમાં પણ લઈ જવા. જેના અનુસંધાને તેમને કમરની પીડા ઉપડતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતી. ઉલ્લેખનીય છે કે નરોડા કાંડના આરોપી માયા કોડનાનીએ બિમારીની સારવાર માટે હંગામી જામીન મંજુર કર્યા હતા. નરોડા હત્યાકાંડના આરોપી માયા કોડનાનીને ગત વર્ષે કોર્ટે કસુરવાર ઠેરવી ૩૧ વર્ષની સજા ફટકારી છે. ત્યારબાદ આ ચુકાદાને પડકારતી અરજી કોડનાનીએ ગુજરાત હાઈકોર્ટમાં કરી છે, જેની સુનાવણી પડતર છે. દરમિયાન, કોડનાનીને ટીબી અને હાર્ટની બીમારી થઈ હોવાનું માલુમ પડતા સારવાર માટે ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન પર મુક્ત થવા અરજી કરી હતી. જે ન્યાયમૂર્તિ કે.એસ. ઝવેરીએ ગ્રાહ્ય રાખી ત્રણ મહિના સુધી જામીન મંજુર કર્યા હતા. આ અગાઉ પણ માયા કોડનાનીની તબીયત લથડતાં તેમને સાબરમતી જેલમાંથી યુએન મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાં એક સપ્તાહ સુધી દાખલ પણ કરાયા હતા.

વિટકોસના નિર્ધારીત રૂટો જ નિયમિત નથી મ્યુનિ. કોર્પોરેશન મુક પ્રેક્ષકની ભુમિકામાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની શહેરી બસ સેવા વિટકોસે ગાંધીનગર-વિસનગર વચ્ચેબસ

શરૂ કરી છે. પરંતુ શહેરીજનો હાલના નિર્ધારીત રૂટોની બસો જ નિયમિત મળતી નથી. ત્યારે વિસનગર રૂટ શરૂ કરતા પહેલા સ્થાનિક સેવાને વધુ અસરકારક બનાવવા મુસાફરોએ માંગ કરી છે.

ગાંધીનગરના શહેરીજનોને શહેરના સેક્ટરોમાં આવન-જાવન સરળ બની રહે તે હેતુથી શહેરી બસ સેવા એવી વિટકોસને કરાર આધારિત માન્યતા આપવામાં આવી છે, પરંતુ ચિલોડા, ચાંદખેડા, કોલવડા, પેથાપુર, ઉનાવા વગેરે બસોને ગામડાઓ સુધી લંબાવી વિટકોસ શહેરી સેવાનો છેદ ઉડાડી રહ્યું છે. છતાં પણ શહેરીજનોએ આ અંગે કોઈ જ વાંધો લીધેલ નથી. પરંતુ નિર્ધારીત કરેલા રૂટોમાં પણ વહીવટીકર્તાઓ દ્વારા વારંવાર ગાપચીઓ મારી રદ કરી દેવાતા શહેરીજનો અકળાઈ ઉઠ્યા છે. આ તમામ બાબતો નજર અંદાજ કરી વિટકોસે હવે વિસનગરનો રૂટ શરૂ કર્યો છે. જેથી શહેરીજનોમાં વિટકોસની નિતીરીતિ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે. ચિલોડા વાયા ઘરોડ બસ બાબતે અસંખ્ય રજુઆતો છતાં વારંવાર નિર્ધારીત રૂટ રદ કરીને વર્ધીમાં બસ મોકલી સંચાલકો કમાણીને જ મહત્વ આપી રહ્યા છે.

આ અંગે કોર્પોરેટર પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે આ બાબતને લેખિતમાં મ્યુનિ. કમિશનરને રજુઆત કરી ધ્યાન દોરાશે. છતાં પણ વિટકોસના વહીવટમાં કંઈજ ફરક પડ્યો નથી. આમ વિસનગર રૂટ શરૂ કરતાં પહેલા શહેરના રૂટો નિયમિત કરવા મુસાફરોની માંગ છે. જ્યારે મ્યુનિ. કોર્પોરેશન તમામ બાબતે મુક પ્રેક્ષકની ભુમિકા ભજવી રહ્યું છે.

કેશુભાઈને ભાજપમાં પ્રવેશ આપવા સ્ટ્રેટજી નક્કી કરવા ભાજપના આગેવાનોની બેઠક

ગાંધીનગર, તા.૧૦

પૂર્વ મુખ્યમંત્રી અને જી.પી.પી.ના પૂર્વ અધ્યક્ષ કેશુભાઈ પટેલને ભાજપમાં જોડાવવા માટે સ્ટ્રેટેજી ઘડવા આજે ભાજપના આગેવાનોની એક બેઠક કેશુભાઈના પુત્રના નિવાસસ્થાને મળી હોવાનું જાણવા મળે છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે જંગ છેડી ભાજપ સાથે છેડો ફાડી ગુજરાત પરિવર્તન પાર્ટીની પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે સ્થાપના કરી હતી અને ત્યારબાદ ગત વિધાનસભા ચૂંટણીમાં તેમની નવી પાર્ટીએ ઝંપલાવ્યું હતું. જો કે જી.પી.પી.ને કારમો પરાજય મળ્યા બાદ એક વર્ષ સુધી જી.પી.પી. અધ્યક્ષ બની રહ્યા બાદ કેશુભાઈ પટેલે જી.પી.પી.ના અધ્યક્ષપદેથી રાજીનામું આપીને ભાજપમાં પાછા ફરવાનો સંકેત આપ્યો હતો. કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલે પણ થોડા સમય અગાઉ જી.પી.પી.માંથી રાજીનામું આપી ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો.

કેશુભાઈ પટેલ કયા સમયે અને કયા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભાજપમાં જોડાશે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે. આ દરમિયાન આજે અમદાવાદમાં કેશુભાઈ પટેલના પુત્રનો એક બંગલો આવેલો છે જયાં ભાજપના કેટલાક આગેવાનોની એક બેઠક મળી હોવાનું અને તેમાં કેશુભાઈ પટેલના ભાજપ પ્રવેશ અંગેની સ્ટ્રેટેજી ઘડવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેશુભાઈ પટેલ આગામી ટૂંક સમયમાં ભાજપમાં જોડાઈ જશે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

એમબીબીએસમાં હોશિયાર માટે ૬ માસનો ઘટાડો કરવા હિલચાલ

અમદાવાદ, તા.૧૦

એમબીબીએસનો અભ્યાસ કરતા દેશનાં હજારો વિદ્યાર્થીઓ માટે બહુ આનંદના સમાચાર છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તેમના એમબીબીએસ અભ્યાસના લગભગ છ મહિના ઓછા કરવાની તક આપતી સિસ્ટમ લાવી રહી છે. દિલ્હી ખાતે ચેરમેન વેદપ્રકાશ મિશ્રાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ક્રેડિટ બેઈઝ્ડ સિસ્ટમ લાગુ પાડવા અંગેનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ અંતર્ગત સમગ્ર કોર્સ માટે એક ખાસ ક્રેડિટ એટલે કે માર્ક્સ નક્કી કરવામાં આવશે અને સાથે એમબીબીએસના કોર્સને ચાર વર્ષ સુધીમાં પુરો થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવશે. નક્કી કરેલી ક્રેડિટ વિદ્યાર્થી ચાર વર્ષમાં મેળવી લે તો તેને ડિગ્રી આપવા માટે યોગ્ય ટેરાવવામાં આવશે.

આમ થશે તો તેજસ્વી અને મહેનતી વિદ્યાર્થીઓ માટે એક છ મહિના જેટલો સમય બચી જશે અને તે સાથે ખર્ચાતા નાણાં પણ બચી જશે. હાલમાં એમબીબીએસ કોર્ટ લગભગ સાડા પાંચ વર્ષ સુધી ખેંચવામાં આવે છે. સાડા ચાર વર્ષ અભ્યાસક્રમ અને એક વર્ષની ફરજિયાત ઈન્ટરશીપ સૂત્રોના જણાવ્યા અનુસાર એમસીઆઈને લાગી રહ્યું છે કે એમબીબીએસના હાલના કોર્સમાં જનરલ મેડિકલનો અભ્યાસક્રમ તેમજ માનવ શરીર રચનાના અભ્યાસક્રમ પાછળ બહુ સમય ફાળવવામાં આવે છે, આગળ જઈને સ્પેશિયલાઈઝેશન કરતા વિદ્યાર્થીઓ માટે બહુ ઉપયોગી નિવડતું નથી.

આ સાથે અન્ય ફેરફારો પણ કોર્સમાં કરવાનો નિર્ણય બેઠકમાં લેવામાં આવ્યો છે.

અંબોડ ખાતે રાજપૂત સમાજના સત્તરમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા અંબોડ ખાતેના મહાકાળી મંદિરે તા. ૧૬મી ફેબ્રુઆરીએ સત્તરમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરેલ છે. આ સમૂહ લગ્નમાં કુલ ૯૧ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ પ્રસંગે ગુજરાત રાજયના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે.

માણસા તાલુકાના અંબોડ (આનંદપુરા) ખાતે આવેલા પ્રખ્યાત મહાકાળી માતાજીના મંદિરે ગાંધીનગર જિલ્લાના રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સત્તરમા સમૂહ લગ્નોત્સવનુંભવ્ય આયોજન કરાયું છે. આ લગ્ન સમારોહ પ્રસંગે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અધ્યક્ષ સ્થાને તેમજ ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને અંબોડના નિવૃત્ત આઈએએસ અધિકારી રણજીતસિંહ વાઘેલા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત અમદાવાદના જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ પણ તેમના આર્શિવચન પાઠવવા હાજર રહેનાર છે.

આ સમૂહલગ્નમાં કુલ ૯૧ યુગલો સપ્તપદીના ફેરે ફરી લગ્નગ્રંથિથી જોડાશે. આ લગ્નવિધિ પડુસ્માના શાસ્ત્રી જીતેન્દ્રકુમાર ગીરજાશંકર કરાવશે. આ સમુહલગ્નમાં અનેક દાતાઓ દ્વારા રોકડ દાન ઉપરાંત પ્રભુતામાં પગલા પાડનાર નવ દંપતિઓ માટે ઘરસંસારની ચીજ વસ્તુઓ સહિત ફર્નિચર-દાગીના સહિતનું દાન આપવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નના ભવ્ય આયોજન માટે રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ ઉપરાંત અનેક ગામોના રાજપૂત યુવક મંડળો જોશભેર તૈયારીમાં લાગી ગયા છે.

પાંચ હજારથી વધુ વસતિવાળા ગામોમાં જાહેર સ્થળોએ વાયફાય નેટવર્ક સ્થપાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજયમાં ટેકનોલોજીનો વ્યાપ વધારવા અને લોકોને પણ આ સેવાઓનો લાભ મળી રહે તે માટે હવે રાજય સરકારે ગામોમાં આવેલ જાહેર સ્થળોએ પણ વાયફાય નેટવર્ક સ્થાપવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શહેરોથી લઈને ગ્રામ્ય કક્ષાએ પ્રજાને પણ આધુનિક ટેકનોલોજી અને ઈન્ટરનેટ સુવિધાઓનો લાભ ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે ગ્રામ્યકક્ષા સુધી વાયફાય નેટવર્ક સ્થાપવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે તાજેતરમાં મળેલી એક ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં રાજય સરકારે રાજયમાં ૫,૦૦૦ થી વધુ વસતિ ધરાવતા ગામોમાં આવેલ જાહેર સ્થળોએ વાયફાય નેટવર્ક સ્થાપવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત રાજયના તમામ શહેરોમાં આવેલી નગરપાલિકા હેઠળના જનસેવા કેન્દ્રોમાં પણ વાયફાય નેટવર્ક સ્થાપવા અને શરૂ કરવા માટેની સૂચનાઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવને જણાવવામાં આવ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ, ટેકનિકલ સંસ્થાઓ, બસ સ્ટેશનો, આઈ.આઈ.ટી. જેવી સંસ્થાઓમાં અગ્રતાના ધોરણે અને બાકીના ક્ષેત્રએ ક્રમિક વાયફાય નેટવર્ક શરૂ કરવા અંગે વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગના સચિવને પણ જાણ કરવામાં આવી છે.

આ ઉપરાંત સચિવાલયના દરેક વિભાગોને પોતાના વિભાગની સંબંધિત યોજનાઓની ચકાસણી કરી કયા લોકેશન પર વાયફાય નેટવર્ક સ્થાપવાનું યોગ્ય થશે અને આ માટે યાદી તૈયાર કરીને વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગને મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પ્રાયોગીક ધોરણે કેટલાક ગામોને આઈડન્ટીફાય કરીને આ ગામોમાં જાહેર સ્થળોએ વાયફાય નેટવર્ક સ્થાપવા માટેની એક કાર્યયોજના તૈયાર કરીને અમલી બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

જિલ્લાની ઈન્ફોકવેસ્ટ ફાઉન્ડેશન દ્વારા ભારત સરકારની સહાયથી સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજવામાં આવશે. જેમાં ૧૬ થી ૪૦ વર્ષની આયુ ધરાવતા યુવક અને યુવતિઓ ભાગ લઈ શકશે. પ્રોગ્રામના અંતે પરિક્ષામાં ઉત્તીણ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને રૂ.૧૫૦૦ સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તા. ૨૦ ફેબ્રુઆરી સુધી પોતાના પ્રમાણપત્રો સાથે ઈન્ફોકવેસ્ટ કોમ્પ્ટર એકેડમી, પ્લોટ નં. ૧૧૮૮/૧, પહેલો માળ, સે-૨-એ, ૯૮૨૫૫ ૨૬૦૦૬ ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

સંસદસભ્યો ધારાસભ્યોના પડતર સંદર્ભ પત્રોનો નિકાલ કરવા વિભાગોને તાકત

ગાંધીનગર, તા. ૧૦

સંસદસભ્યો અને ધારાસભ્યોના પડતર સંદર્ભોનો સત્વરે નિકાલ કરવા માટે તમામ વિભાગોને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા તેમના વિસ્તારને લગતા પ્રજાલક્ષી પ્રશ્નોના ઉકેલ માટે જે તે સંબંધિત વિભાગોને સંદર્ભ પત્રો લખવામાં આવે છે. સંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા રજુ કરવામાં આવતા આવા સંદર્ભ પત્રોનો ચોક્કસ સમયમર્યાદા વિભાગોએ નિકાલ કરવા માટે નક્કી કરવામાં આવ્યું છે.

આમ છતાં સમયાંતરે આ બાબતે સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી સમીક્ષા દરમ્યાન એવું ધ્યાન પર આવવા પામેલ છે કે કેટલાક વિભાગોમાં સંસદ સભ્યો અને ધારાસભ્યોએ લખેલા સંદર્ભ પત્રો નિકાલ કર્યા વગર પડતર પડ્યા હોય છે.

પ્રાપ્ત વિગતો મુજબ સમીક્ષા દરમ્યાન સરકારના ધ્યાન પર એવુ પણ આવવા પામ્યું છે કે કેટલાક વિભાગોમાં સાંસદ સભ્યો ધારાસભ્યોના સંદર્ભ પત્રો ત્રણ માસ કરતાં પણ વધુ સમયથી પડતર હોવાની બાબત અંગે સરકારે નારાજગી પણ વ્યક્ત કરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ સંસદસભ્યો અને ધારાસભ્યોના સંદર્ભ પડતર પત્રો અંગેની યોજાયેલી સમીક્ષા બેઠકમાં રાજય સરકારે તમામ વિભાગોને સંસદસભ્યો ધારાસભ્યોના પડતર સંદર્ભ પત્રોનો સત્વરે નિકાલ કરવા માટેની તાકીદ કરી છે.

શબ્દાવલી - ૫૩૧૦



આડી ચાવી

૧. બેહાલ, ખુવાર (૪)
૩. ઝાડ વગેરેમાં બાકોરૂ હોય તે (૫)
૫. પાણીનું થીજી જવું, આઇસ (૩)
૬. માણસાઇ, લાયકી (૪)
૭. તાણ (૩)
૯. ફાયદો, લાભ (૪)
૧૧. રેડિયો બનાવતી કંપનીમાં એક સમયે આ કંપનીનું નામ હતું (૩)
૧૨. ગૌરવ, પ્રૌઢતા (૩)
૧૩. લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ વગેરે (૨)
૧૪. દુનિયા, આલમ (૨)
૧૫. કવચિત, ચોક્કસ નહિ તેવું (૩)
૧૬. મોટર, ગાડી (૨)
૧૭. વિજળી,... પુરવઠો (૨)
૧૮. જુના પેપરોની રદ્દી (૨)

ઊભી ચાવી

૧. પાડોશમાં રહેતી સ્ત્રી (૪)
૨. દ્વારા, સાથે (૪)
૩. નોકરી ઉપરથી રૂખસક મળવી તે (૫)
૪. ભયાનક, ડરાવે તેવું (૪)
૮. સ્વદેશાભિમાન, દેશદ્વાઝ(૬)
૯. બંદુકથી, ઘોડે સવારરક્ષક(૫)
૧૦. મશ્કરી, મજાક (૪)
૧૨. આશ્ચર્ય, નવાઇ (૩)
૧૫. કવિતા રચનાર (૨)

શબ્દાવલી ૫૩૦૯ના જવાબ

આડી ચાવી :- (૧) લંબોદર (૪) ચેતના (૬) મજનુ (૮) ઇશ્ક (૯) નીગરાની (૧૩) રોગચાળો (૧૪) સહારો (૧૫) ડોણ (૧૬) ખુદા (૧૯) યતીમ (૨૧) ગીર (૨૩) નાસીપાસ

ઊભી ચાવી :- (૧) લંબાઇ (૨) દમ (૩) રજની (૫) નાક (૭) નુગરો (૧૦) રાગડો (૧૧) નીચાણ (૧૨) આરો (૧૪) સહાયતા (૧૭) દ્વાગીના (૧૮) નિવાસ (૨૦) મધ (૨૨) રસી

અશ્વમેળાનો આરંભ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં આવે છે અને ત્યારબાદ તેનું મેડીકલ ચેકઅપ કરવામાં આવે છે જો કોઈ અશ્વ પોતાની મેડીકલી યોગ્યતા પુરવાર ન કરી શકે તો તે અશ્વ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકતો નથી અને ત્યાંથી જ તે કોમ્પિટિશનમાંથી બહાર થઈ જાય છે. આજે પ્રથમ રાઉન્ડના અંતે ૩ અશ્વો મેડીકલી સમક્ષ ન હોવાના લઈને કોમ્પિટિશનમાંથી બહાર થઈ ગયા હતા.

આ કોમ્પિટિશનમાં પ્રથમવાર આરએફઆઈટી સિસ્ટમનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેનાથી સમગ્ર દોડ પર ઝીણવટથી ધ્યાન રાખી શકાય છે. આ દોડ સવારે સવારે સાડા છ વાગ્યાથી શરૂ થઈ હતી અને સાંજે ચાર વાગે પુરી થશે ત્યારબાદ આવતીકાલે ફરી શરૂ કરાશે.

ઉપપ્રમુખ પદ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઔપચારિકતા સંપન્ન થશે. રાજકીય અટકળો મુજબ ભાજપે આ હોદા માટે ઉમેદવાર નહિ મુકવાનો નિર્ણય કર્યો છે અને શ્રી વાઘેલાની એક માત્ર દરખાસ્ત હોવાથી ગણત્રીની મિનિટોમાં જ બેઠક સંપન્ન થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષ ૨/૩ બહુમતિ ધરાવે છે. પંચાયતમાં જો કે જે રીતે પક્ષમાં જૂથબંધી જામી છે એટલે પક્ષે આજે બપોરે ૧.૩૦ વાગ્યે આ અંગેના ઉમેદવારની પસંદગી પર મંજૂરીની મહોર મારી હતી.

આજે લગ્નસરાને લઈ કોંગી આગેવાનો વ્યસ્તતાની વચ્ચે પણ સમય ફાળવી પંચાયતની કચેરીએ એકત્ર થયા હતા. લાંબી ચર્ચા-વિચારણા બાદ આ અંગેનો નિર્ણય લેવાયો હતો.

શ્રી વાઘેલા અગાઉ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિ તેમજ કારોબારી સમિતિના ચેરમેન પદે રહી ચુક્યા છે. પક્ષે બધાને સાથે રાખવા માટે આ વખતે ક્ષત્રિય ઉમેદવારની પસંદગી કરી હોવાનું રાજકીય વર્તુળોનું માનવું છે.

દરેક તાલુકાને ન્યાય આપોની માંગણી સાથે કારોબારી સમિતિના પ્રમુખ સામે અવિશ્વાસની રજુ થયેલી દરખાસ્ત પર પાણી રેડવામાં સફળ થયેલા જિલ્લા આગેવાનો આજે ઉપપ્રમુખની ચૂંટણીમાં પણ બધાને સાથે રાખવામાં સફળતા મેળવી છે.

શહીદી માટે તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબજંગને આજે મળ્યા હતા અને સરકારને ટેકો પાછો ખેંચી લેવા અંગેના નિર્ણયની જાણ કરી હતી. કેજરીવાલ તેમના વચનો પાળી રહ્યા નથી. એએપીએ ૨૮ બેઠકો જીતી હતી અને કોંગ્રેસના સમર્થન સાથે સરકારની રચના કરી હતી. કોંગ્રેસની આઠ બેઠકો છે. ભાજપે ૩૧ બેઠકો જીતી હતી. અકાળીદળ અને જનતાદળે એક-એક બેઠકો જીતી હતી. ભિન્નીની હકાલપટ્ટી કરવામાં આવી ચુકી છે. એએપીનું સંખ્યાબળ ૨૬ થયું છે.

ટેન્ડર નોટીસ

અત્રેની જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે (૧) ટેલીફોન ઈન્ટરકોમ સીસ્ટમ (મેટ્રીક્સ)-૧૨૦ પોટની સીસ્ટમ (૨) ટેલીફોન ઈન્સ્ટ્રુમેન્ટ રીપેરીંગ તથા સર્વિસ-૯૦ ઈન્સ્ટ્રુમેન્ટ (૩) ટેલીફોનની લગતું વાયરીંગ (૪) ૫૦ ટેલીફોન ચાલુ કરવા અને તેને લગતા વાયરીંગ સાથેના ભાવ (૫) ૨૦ લાઈનનું કાર્ડ (૬) ૨૦ ટેલીફોન ઈન્સ્ટ્રુમેન્ટ ખરીદી તા. ૧/૧/૧૪થી ૩૧/૧૨/૧૪ સુધીના વાર્ષિક ભાવકરાર તા. ૧/૧/૧૪ થી ૩૧/૧૨/૧૪ સુધીના સદરહુ કામ માટે ભાવ સીલબંધ કવરમાં આપવાના રહેશે. તેમજ લોકલ કંપનીના ડીલર્સનું પ્રમાણપત્ર ભાવપત્રક સાથે બીડવાનું રહેશે. તથા ડીપોઝીટ પેટે રૂ. ૧૦૦૦૦/- રોકડા જમા કરાવવાના રહેશે.

ભરેલ ભાવપત્રકો અલગ-અલગ કામના ભાવ આપવાના રહેશે. તેમજ ભરેલ ભાવ તા. ૧૦/૨/૧૪ના સાંજના ૪-૦૦ કલાક સુધીમાં આપવાના રહેશે. ત્યારબાદ ભાવપત્રક લેવામાં આવશે નહિ.

અત્રેની સંસ્થાના વડાને ભાવપત્રક કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાના અથવા તો આવેલ ભાવપત્રકો પૈકી ગમે તે ભાવપત્રક સ્વીકાર કે અસ્વીકારનો અબાધિત અધિકાર રહેશે.

(ડો. બી. બી. પટેલ)
મુખ્ય જીલ્લા તબીબી અધિકારી
સહ સિવિલ સર્જન
જનરલ હોસ્પિટલ, ગાંધીનગર

માહિતી/૨૪૦૬/૧૩-૧૪

કાર્યાલયનો મંગલ પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉન્નત કક્ષાએ પહોંચાડવામાં જનસંઘથી લઈને આજદિન સુધી ચાર પેઢીઓનું યોગદાન રહ્યું છે. અનેક પરિવારોએ બલીદાન આપ્યા છે. સેંકડો કાર્યકર્તાઓએ પોતાના સમગ્ર જીવન પાર્ટી માટે સમર્પિત કરી દીધેલ છે. આજે પડોશનો એવો કોઈ દેશ નથી જેણે ભારતના સાર્વભૌમત્વ અંગે પ્રશ્ન ઉપસ્થિત ન કર્યા હોય. એનું મુળ કારણ એ છે કે, દેશને જે પ્રકારનું નેતૃત્વ મળવું જોઈએ તે મળ્યું નથી. ગત દાયકો બરબાદીનો દાયકો હતો અને એ દાયકો હવે પૂર્ણ થવા પામ્યો છે. હવેની ચૂંટણીઓ માત્ર ચૂંટણી નથી, દેશ માટે આ ચૂંટણી રાષ્ટ્રને આવનાર દિવસોમાં કઈ દિશામાં લઈ જવાની છે ? વિશ્વમાં આ દેશ ક્યા ઉભો રહેશે ? તે નિર્ધાર કરવાની છે, હાર-જીતનો મુદ્દો ભારતના ભાગ્ય સાથે જોડાયેલો છે. સમગ્ર દેશ આશા અને અરમાન લઈને આવનાર ચૂંટણીમાં ભારતનું કઈ રીતે ભલુ થાય એ દિશામાં વિચારનાર છે. આ દેશને હવે લૂંટવા ના દેવાય, દેશમાં અસહાયતાની વ્યવસ્થા રહે તે પાલવે નહીં. ૨૦૧૪ની ચૂંટણીઓ ભવ્ય દિવ્ય ભારતના નિર્માણનું બીજારોપણ છે. મોદીએ કાર્યકરોને સંદેશ આપતા જણાવ્યું હતું કે, ચૂંટણીમાં આપણે બુથ જીતવું છે અને દેશ બચાવવો છે, એ ધ્યેય લઈને ચાલવાનું છે. કેટલાક લોકો ચૂંટણીને રમૂજ બનાવવા માંગે છે, પામી શકતા નથી એટલે રોળી-ઢોળી નાંખવા માંગે છે. પ્રજાના મનમાં યુપીએ સરકાર પ્રત્યે વ્યાપક આક્રોશ છે. કોંગ્રેસ પક્ષ દેશને કોઈ હિસાબ આપી શકે તેમ નથી. ચૂંટણીઓમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, સુશાસન જેવા મુદ્દાઓની લડાઈ છોડીને કોંગ્રેસ તથા અન્ય પક્ષો ક્ષુલ્લક મુદ્દાઓ ઉપર વિવાદ ઉભા કરી રહ્યા છે. રાષ્ટ્રહિતના મુદ્દાઓ ઉપર કોંગ્રેસ ચર્ચા કરવા તૈયાર નથી. કારણ કે મુદ્દા પર મુકાબલો કરવાની તેમની તાકાત નથી. કાદવ ઉછળ સંસ્કૃતિ કોંગ્રેસની સ્વભાવગત નીતિ બની રહી છે અને કમળ હંમેશા કાદવમાં જ ખીલે છે તે કોંગ્રેસે ભુલવું ન જોઈએ. મારૂ નમ્રતાપૂર્વકનું અવલોકન છે કે ઈ.સ. ૨૦૨૫ સુધી કોંગ્રેસનું નામુ લખાઈ ચુક્યું છે. નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, કેરળમાં જ્યારે ૯૮ વર્ષના સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ કૃષ્ણઐયર આપણને ખોબલે ખોબલે આર્શીવાદ આપતા હોય ત્યારે એ વાત સ્વયં સ્પષ્ટ છે કે દેશના પ્રત્યેક નાગરીકે આગામી લોકસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને જાકારો આપવાની દૃઢ નિશ્ચિય કરી લીધેલ છે. એક કાર્યકર તરીકે આપણા સૌની હવે ફરજ બને છે કે દેશનો સામાન્ય નાગરીક આગામી ચૂંટણીઓમાં નિરાશ ન થવો જોઈએ. છેવાડાના માનવીની આશા - આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં કોઈપણ કચાશ બાકી ન રહે તે જોવાની આપણી પવિત્ર ફરજ છે. આજના શ્રી કમલમ્‌ના